# સમાજના પ્રમુખશ્રી / સેક્રેટરીશ્રીનું સોગંદનામું

આથી હું નીચે સહી કરનાર **શ્રી નજીરભાઈ ઈબ્રાહીમભાઈ વહોરા** ઉ.આ.વ. ૫૧, રહે. ૨૩–૨૪, ગલી નં.–૪, શાસ્ત્રી ચોક, મદીના મસ્જીદ પાસે, ઉધના યાર્ડ, લિંબાયત, સુરત ના તે ચરોતર સુન્ની વહોરા સમાજ,સુરત (દ.ગુ.) ના રજીસ્ટર ટ્રસ્ટ / મંડળના પ્રમુખ / સેક્રેટરી તરીકે ધર્મના સોગંદપુર્વક જે સત્ય હકીકત છે તે જણાવું છું. નીચે યાદીમાં જણાવેલ યાદીના અરજદારોને હું ઓળખું છું. તેઓ જુના ચરોતર વિસ્તારના વતની છે. અને ઘાંચી મુસ્લીમ સમાજના છે. હાલમાં આણંદ અને ખેડા જીલ્લામાં વસવાટ કરતા અમારા સમાજના કુટુંબો પૈકીના છે, તેઓ શીયા વહોરા નથી પરંતુ અમારા સમાજના સુન્ની વહોરા છે તેની ખાત્રી કરેલ છે.

| અ.નં. | અરજદારનું નામ | રહેઠાણનું સરનામું | જાતિ પ્રમાણત્ર મેળવવા ગાંધીનગરના પરીપત્ર નં. વિજાક/જા.નં./જા.પ્ર.પ્ર./૨૦૧૬–૧૭/૪૯૯ તા.૧૯/૦૫/૨૦૧૬માં દર્શાવેલ જાતિ પૈકી અરજદારે રજુ કરેલ આધારની વિગત |
|---|---|---|---|
| ૧ | | | અરજદારનું એલ.સી.,<br>વાલીનું એલ.સી.,<br>સમાજના પ્રમુખ/મંત્રીનું સોગંદનામું/પ્રમાણપત્ર |

તેમના સમાજીક વ્યવહારો જન્મ–લગ્ન–મરણ–પ્રસંગો વિગેરેમાં આ સમાજ સાથેના છે. એટલુંજ નહી ઘાંચી સમાજના કબ્રસ્તાનમાં તેઓની દફનવિધી પણ થાય છે.

માનનીય નિયામકશ્રી વિકસીત જાતી કલ્યાણ ખાતુ ગાંધીનગરના પરીપત્ર નં. વિજાક/જા.નં./જા.પ્ર.પ્ર./૨૦૧૬–૧૭/૪૯૯ તા.૧૯/૦૫/૨૦૧૬ થી ઘાંચી મુસ્લીમનું પ્રમાણપત્ર મેળવવા માટે આધારો અંગે માર્ગદર્શન આપેલ છે તેની નકલ અમોને પણ મળેલ છે. અરજદારનું પોતાનું/ભાઈ/કાકા/પિતા/દાદા/બહેન/ફોઈનું/જન્મ/મરણની નોંધ કે જેમાં જાતિનો ઉલ્લેખ થયેલ છે. તેમાં દર્શાવેલ જાતિ અંગેના માર્ગદર્શન મુજબ મુળ ઘાંચી મુસ્લીમ જાતિ અંગેના જે આધારો દર્શાવ્યા છે તે પૈકીના આધારોની મેં જાતે ચકાસણી કરી છે. અને તે પ્રમાણે શાળા મિલકતના જુના દસ્તાવેજો કબ્રસ્તાનની નોંધ વગેરેનો આધારોની મેં ચકાસણી કરતા તેઓને મુસ્લીમ ઘાંચી વહોરા હોવાનું જણાય છે. આ આધારો પૈકીનો આધાર અરજદારશ્રીએ અરજી સાથે રજુ કરેલ છે. તે આધારે અમો સત્ય સાબીત કરવા આ સોગંદનામું કરીએ છીએ. ઉપરોકત બાબત ખરાઈ/ચોકસાઈ બાદ જાતિ અંગેના સમર્થનમાં આ સોગંદનામું કરેલ છે.

ઉપરોકત લખેલ તમામ હકીકત મારા માનવા તથા જાણવા મુજબ સાચી અને ખરી છે. ખોટું સોગંદનામું કરવું એ ગુનો બને છે જેની મને જાણ છે.

તા.    /    /                                        ......................................

સ્થળ:

## –: અરજદારનું સોગંદનામું :–

આથી હું નીચે સહી કરનાર________________________________________,

ઉ.વ.આ. ___, ઠેકાણું :______________________________________________ ના તે

આજરોજ આપ સાહેબ સમક્ષ હાજર થઈ મારા ધર્મના સોગંદપૂર્વક સાચી હકીકત છે તે જાહેર કરૂં છું કે

આથી હું એફીડેવીટ કરનાર ______________________________

____________ માં __________ સુધી અભ્યાસ કરેલ છે. મારા શાળા છોડયાના પ્રમાણપત્રમાં **મુસ્લિમ સુન્ની / મુસલમાન** પેટા જાતિ દર્શાવેલ છે. ખરેખર અમારી પેટા જાતિ **મુસ્લિમ ઘાંચી** છે. જેના વધારાના પુરાવારૂપે નીચે દર્શાવેલ / આધારો રજુ કરેલ છે.

૧. મારા પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં **મુસ્લિમ સુન્ની** પેટાજાતિ દર્શાવેલ છે.

૨. અમો અને અમારા વડવાઓ જુના ચરોતર પ્રદેશ ખેડા આણંદ જીલ્લાના વતનીઓ છે.

૩. અમારા વડીલો–માતા/પિતાના લગ્નના વ્યવહારો **મુસ્લીમ ઘાંચી** સમાજ **સુન્ની વહોરા** સાથે છે. અમો **શિયા વહોરા** નથી પરંતુ **સુન્ની વહોરા** સમાજના છીએ.

અરજી સાથે સામેલ આધારો જેવા કે શાળા છોડયાનો દાખલો / રેશનકાર્ડ / પેઢીનામું દસ્તાવેજ વગેરે પૈકી પેટા જાતિ **મુસ્લીમ સુન્ની વહોરા / મુસલમાન વહોરા** હોવા અંગેની અમારી રજુઆત સાચી છે જે મુજબ સરકારશ્રીએ નકકી કરેલ પછાત વર્ગ / સમુહના હોવાના આધારીત પુરાવાના અને રજુ કરેલ પુરાવામાં મુળ રેકર્ડ પ્રમાણે કોઈ ફેરફાર સિવાયના છે. મુળ સ્વરૂપે પુરાવા જયારે જરૂર પડે ત્યારે સાચવી રાખવી બતાવવાની જવાબદારી પણ મારી રહેશે. આખરે અમો રજુ કરેલ પુરાવા સત્ય હોવાની ખાત્રી પુરાવા બાદ જ અમોએ જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે છે. ખોટા પુરાવા રજુ કરી ભરતી / પેટા જાતિ લખી પછાત વર્ગોમાં ન આવતા હોવા છતાં પછાત વર્ગો પૈકીની ખોટી જાતિ પ્રસ્થાપિત કરવા અંગે અમો પોતે નીચે સહી કરનાર જવાબદાર ગણાઈશું. અરજી સાથે સામેલ આધારો ખોટા ઠરશે તો તે અંગે સરકારશ્રી અમારી સામે સરકારશ્રીના તા : ૦૬–૦૬–૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક સશપ–૧૪૦૨–૧૪૪૪અ મુજબ ફોજદારી રાહે કાર્યવાહી કરી શકશે, જે અમોને બંધનકર્તા રહેશે.

સદરહુ સોગંદનામું અમોએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે કરેલ છે.

ખોટું સોગંદનામું કરવું એ ગુનો બને છે તે હું સારી રીતે જાણું છું.

તારીખ : ......................................

સ્થળ :

# સમાજના પ્રમુખશ્રી / સેક્રેટરીશ્રીનું પ્રમાણપત્ર

આથી હું નીચે સહી કરનાર **શ્રી નજીરભાઈ ઈબ્રાહીમભાઈ વહોરા** ચરોતર સુન્ની વહોરા સમાજ, સુરત (દ.ગુ.) ના પ્રમુખ/સેક્રેટરી તરીકે આ પ્રમાણપત્ર આપું છું કે **શ્રી** ____________ ________________________________________________ રહે. ____________ ________________________________________________________________ ______________________________ જિ. __________ ના રહીશ છે. તેઓને હું ઓળખું છું. તેઓ જુના ચરોતર પ્રદેશ ખેડા આણંદ જીલ્લાના વતની છે. અને ઘાંચી મુસ્લીમ સમાજના છે. તેમના વડવાઓના સામાજીક વ્યવહારો જેવા કે જન્મ–લગ્ન–મરણ પ્રસંગો વગેરેમાં આ સમાજ સાથેના છે. તેમના શાળા છોડયાના પ્રમાણપત્રમાં/તેમણે રજુ કરેલ આધારોમાં જાતિ/પેટા જાતિ કોલમમાં મુસ્લીમ સુન્ની વહોરા / મુસલમાન વહોરા જાતિ લખાયેલ છે અને ખરેખર તેઓ સુન્ની વહોરા છે. તેની હું ખાત્રી આપુ છું. અને તેઓ શીયા વહોરા નથી તેની ખાત્રી કરેલ છે.

માનનીય નિયામકશ્રી વિકસીત જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગરના પરીપત્ર નં. વિજાક/જા.નં./જા.પ્ર.પ્ર./૨૦૧૬–૧૭/૪૯૯ તા. ૧૯/૦૫/૨૦૧૬ થી ઘાંચી મુસ્લીમ જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા અંગે આપવામા આવેલ માર્ગદર્શન મુજબ અરજદાર ઘાંચી મુસ્લીમ સમાજના છે. જેથી તેમને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (વિ.જા.) બક્ષીપંચનું પ્રમાણપત્ર આપવા ભલામણ છે.

આમ તેઓ ખરેખર ઘાંચી મુસ્લીમ સમાજના છે તેની ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપું છું. બરાબર છે. ખોટું પ્રમાણપત્ર આપવું તે ગુનો બને છે. આ પ્રમાણપત્રના આધારે સરકારશ્રી ધ્વારા અનામત વિગેરે લાભો મળનાર હોવાથી પુરી તકેદારી રાખીને પ્રમાણપત્ર આપેલ છે. ભવિષ્યમાં અરજી સાથે આપેલ આધારો ખોટા ઠરશે તો તે અંગે સરકારશ્રી અમારી સામે સરકારશ્રીની તા.૦૬/૦૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૪૦૨/૧૪૪૪/અ મુજબ ફોજદારી રાહે કાર્યવાહી કરી શકશે જે અમોને બંધનકર્તા રહેશે. આ પ્રમાણપત્ર અમોએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે આપેલ છે.

તા. / / ...................................

સ્થળ :